દાખલ તારીખ :- ૨૦/૦૭/૨૦૨૪

રજી. લીધા તારીખ :- ૨૦/૦૭/૨૦૨૪

નિકાલ તારીખ :- ૦૬/૦૫/૨૦૨૫

સમય :- <u>વ. મા. દિ.</u>

---------

**આંક :- એ/૨૫**

---

**ના.શ્રી બીજા અધિક સિવીલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. : ભુજ-કચ્છ**

---

**<u>રેગ્યુલર દિવાની દાવા નં. ૧૯૨/૨૦૨૪</u>**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,
સબ ડીવીઝન કુકમા
મારફતે : નાયબ ઈજનેરશ્રી
અમીન પંકજકુમાર હરેશભાઈ
ઉ.વ. ૫૨
કુકમા, તા. ભુજ-કચ્છ. :::::::::::::::::::: **વાદી**

**વિરુધ્ધ**

આહીર સમાજ મકાન
ઉ.વ. પુખ્ત, ધંધો-
રહે. સી/ઓ તેજા ભુરા ઢીલા
ગામ મોખાના
તા. ભુજ-કચ્છ. પીન-૩૭૦૧૧૫ :::::::::::::::::::: **પ્રતિવાદી**

---

દાવો :- **વિદ્યુત બીલ તથા વિલંબીત ચાર્જની રકમ વ્યાજ ખર્ચ સહિત વસુલ મળવા બાબત**

---

વાદી તરફે **વિધ્વાન વકીલ શ્રી જે.આર.ચૌહાણ**
પ્રતિવાદી તરફે **- એકતરફી -**

---

-:: ઠરાવ ::-

(૧) વાદીના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે વાદી પ.ગુ.વી.કં.લી., ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૪૮ ની જોગવાઈ મુજબ કોન્સ્ટીટયુટેડ કોર્પોરેટ બોડી છે. વાદી, વાદી કંપનીના જે તે ડીવીઝનના ઈજનેર છે અને પ.ગુ.વી.કં.લી. વતીથી અધિકૃત અધિકારી છે અને તેઓને દાવો દાખલ કરવાની સતા છે અને દાવાના રેકર્ડ અને આધારોથી માહિતગાર છે. વાદી કંપની ગુજરાત રાજયમાં વિધુતનું ઉત્પાદન કરી નિયત દરથી ગ્રાહકોને વીજળી પુરી પાડે છે. આ કામના પ્રતિવાદી, વાદી પાસેથી કાયદેસર વીજ જોડાણ મેળવેલ છે અને તેઓના ગ્રાહક નં.૬૦૫૨૧૦૦૩૧૩૦ છે. પ્રતિવાદીને કાયદેસરના બીલો નિયમીત આપેલા છે. પ્રતિવાદી ઉપર વાદી કંપનીના વીજ વપરાશની લેણી રકમ વીજ બીલ તથા ડી.પી.સી. ની રકમ મળી કુલ્લે રૂા.૨૯૩૧૮–૫૬ પૈસા બાકી રહે છે. જે અંગે કાયદેસરની લીગલ નોટીસ તા.૨૫/૭/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ. આમ તેઓ તરફથી કોઈ રકમ ભરપાઈ નહીં થતા દાવો કરવાની ફરજ પડેલ છે. જેથી સદરહુ રકમ વાર્ષિક ૧૮ % ના વ્યાજ સાથે તથા દાવા ખર્ચ સાથે મંજુર થવા નમ્ર અરજ કરેલ છે.

(૨) દાવો દાખલ થતાં દાવો રજીસ્ટરે લઈ, નામદાર કોર્ટ ધ્વારા પ્રતિવાદીને સમન્સ કરેલ જે બજી જવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ હાજર થયેલ ન હોઈ નામદાર કોર્ટ ધ્વારા પ્રતિવાદી તરફે દાવો એકતરફી ચલાવવાનો હુકમ આંક–૧ તળે છે.

(૩) ઉપરોકત હકીકતે દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા આંક–૮ થી મુકરર થયેલા છે.

-:: **ISSUES** ::-

1. Whether the plaintiff Company is entitled to get recovery of Rs. 29,318/- (Rupees Twenty nine thousand three hundred eighteen only) from defendant ?
2. Whether plaintiff Company is entitled to get interest ? If yes, at what rate ?
3. What order & Decree ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા પ્રમાણે આ મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

૧. અંશત: હકારમાં,

૨. અંશત: હકારમાં, આખરી હુકમ મુજબ

૩. આખરી હુકમ મુજબ.

(૫) વાદી તરફે પોતાની હકીકતો પુરવાર કરવા માટે આ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી તરફે – ભુપેન્દ્રસિંહ દાનુભા જાડેજા નું પુરાવાનું સોગંદનામું | ૧૩ |
| ૨. | પ્રોફોમા નં.૧૨ | ૧૫ |
| ૩. | લીગલ નોટીસ | ૧૬ |
| ૪. | નોટીસ કર્યાની પોસ્ટની પાવતી | ૧૭ |
| ૫. | મીટર ચકાસણીનો રોજકામ | ૧૮ |
| ૬. | વીજ જોડાણ કાપવાનો હુકમ | ૧૯ |
| ૭. | વીજ જોડાણ ચાલુ કરવાની નોટીસ | ૨૦ |
| ૮. | કાયમી ધોરણે વીજ જોડાણ કાપવાનો હુકમ | ૨૧ |
| ૯. | નોટીસ પરત ફરેલ તે બંધ કવર | ૨૨ |
| ૧૦. | દાવો દાખલ કરવા માટે ફોરવર્ડીંગ લેટર | ૨૩ |

ઉપરોકત પુરાવા સિવાય વાદી તરફે વધુ કોઈપણ જાતનો પુરાવો રજુ થયેલા નથી અને આંક-૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે. વધુમાં પ્રતિવાદી વિરુધ્ધ કામ એકતરફી હોઈ વાદી તરફેના સાહેદની પ્રતિવાદી તરફે ઉલટતપાસ થયેલ નથી. તેમજ પ્રતિવાદી તરફે દાવા જવાબ રજુ થયેલ નથી કે કોઈપણ જાતનો પુરાવો રજુ થયેલ નથી.

## -:: નિર્ણય માટેના કારણો ::-

**મુદા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા :-**

(૬) તમામ મુદાની હકીકત અને કાયદાની દૃષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન નિવારવા તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૭) વાદી તરફે સાહેદે જે પુરાવાનું સોગંદનામું આપેલ છે તેમાં અરજીની હકીકતો જણાવેલ હોવાથી પુનરોચ્ચાર કરેલ નથી. ઉભયપક્ષોની રજુઆતો, પુરાવો અને પ્લીડીંગ્સ નજરે એ બાબત સ્વીકૃત છે કે, પ્રતિવાદીએ વાદી સંસ્થા પાસેથી વીજ કનેકશન મેળવેલ છે. વાદીનું કથન છે કે, પ્રતિવાદી ઉપર વાદી કંપનીના વીજ વપરાશની લેણી રકમ ડી.પી.સી. સાથે મળી કુલ રૂા.૨૯,૩૧૮.૫૬ પૈસા લેણા પેટે બાકી બોલે છે. ઉપરોકત તમામ પુરાવા જોવામાં આવે તો સૌપ્રથમ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે એ હકીકત ધ્યાને લેવાની રહે છે કે વાદી જે દાવો લઈને આવેલ છે તેને વાદી ધ્વારા સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન પ્રાપ્ત થાય છે કે નહીં અને સાથે વાદી તે તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકેલ છે કે કેમ. વિશેષમાં જયારે પ્રતિવાદી ધ્વારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલી ન હોય ત્યારે વાદી સોગં દ ઉપર જે જણાવે તે તમામ હકીકત સામાન્ય સંજોગોમાં માની લેવાની રહે છે, પરંતુ આટલા માત્રથી વાદીનો પોતાનો કેસ સાબીત કરવાનો બોજો દુર થતો નથી, વાદીએ તો પોતાનો કેસ પોતાની રીતે સાબીત કરવો પડે.

(૮) વાદી તરફે પ્રતિવાદી પાસેથી બીલની લેણી રકમની માંગણી કરેલ છે અને એ હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક-૧૩ થી ઈન્જીનીયર ભુપેન્દ્રસિંહ દાનુભા જાડેજા નું પુરાવાનું સોગંદનામું રજુ છે અને તેઓએ સોગંદ પરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, પ્રતિવાદીનાં ગ્રાહક નં.૬૦૫૨૧૦૦૩૧૩૦ છે જેથી પ્રતિવાદી તેઓના ગ્રાહક બનેલ અને વાદીની કંપનીએ પ્રતિવાદીને વીજ પુરવઠો પુરો પાડેલ છે. વધુમાં, આ કામના પ્રતિવાદી એ વીજબીલની રકમ નિયમીત રીતે ન ભરતા હાલનો આ દાવો કરવાની જરુરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૯) વાદીએ સોગંદ પર જે હકીકતો જણાવી છે તેને દસ્તાવેજી પુરાવા સાથે મુલ્યાંકન કરવામાં આવે તો આંક–૧૫ થી પ્રોફોર્મા નં.૧૨ રજુ કરેલ છે. જે સ્ટેટમેન્ટ વાદી સંસ્થા દ્વારા નિયત નમુનામાં નિભાવવામાં આવતાં લેજર એકાઉન્ટનો ઉતારો છે. જે પુરાવાના કાયદાની કલમ–૩૪ અને ૩૫ ને ઘ્યાને લેતાં ગ્રાહ્ય છે અને પ્રસ્તુત હકીકત છે. તે મુજબ, આંક–૧૫ ના સ્ટેટમેન્ટ મુજબ લેણી રકમની માંગણી કરી છે. પ્રતિવાદી એ ઉપરોકત સમયગાળા દરમ્યાન કોઈ લેણી રકમ જમા કરાવેલ હોય તેવું સદરહુ સ્ટેટમેન્ટ પરથી ફલીત થતું નથી. જે સંજોગોમાં વાદી આટલી રકમ વીજ બીલની બાકી હોવાનું જણાવી તે મેળવવા અરજ કરતા હોવાનું જણાય છે.

(૧૦) આ કામે પ્રતિવાદીએ આવી બાકી લેણી રકમ ભરપાઈ કરેલ નહીં અને તે અંગેની નોટીસ પણ આપવામાં આવેલ છે તેમ છતાં ભરપાઈ કરેલ નથી. આંક–૨૧ થી વિજ જોડાણ કાપવાનો હુકમ રજુ છે અને તા.૨૫/૭/૨૦૨૩ ના રોજની આંક–૧૬ થી લીગલ નોટીસ રજુ છે જેમાં વાદીને નોટીસ મળ્યેથી, નોટીસમાં જણાવેલ સમય આપવામાં આવેલ છે અને કસુર કર્યેથી આગળની કરવામાં આવશે તેવું જણાવેલ છે અને ત્યારબાદ હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. વધુમાં આ નોટીસ વંચાણે લેતા તેમાં રૂા.૧૯,૫૮૧–૩૮ પૈસા ની રકમ તથા તેના પર ચડત થયેલ ડીલે પેમેન્ટ ચાર્જીસની રકમ પ્રતિવાદીએ વાદી કંપનીમા ભરપાઈ કરવા સંબંધેની નોટીસ આપેલ હોવાનું જણાય છે.

(૧૧) વાદી એ જાહેર સંસ્થા છે અને રજુ કરેલ આધારો જાહેર દસ્તાવેજો છે તેમજ વાદી કંપની લોકોના હિત માટે વીજ ઉત્પાદન કરી વીજ પુરવઠો પુરો પાડતી સંસ્થા છે અને તેનાં કર્મચારીઓએ પોતાની ફરજનાં ભાગરૂપે કરેલ કૃત્ય છે.તેઓને પ્રતિવાદી સામે ખોટું કરવાનું કોઈ કારણ નથી. વાદીનાં દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનું સમર્થન મળેલ છે. વાદીનો દાવો ખોટો છે તે અંગે વિરૂઘ્ધનું કાંઈ જ પ્રતિવાદી રેકર્ડ પર લાવી શકયા નથી કે પ્રતિવાદી એ કોઈપણ જાતનો પુરાવો આપેલ નથી કે વાદીની ઉલટતપાસ કરી પુરાવાનું ખંડન કરેલ નથી.

(૧૨) વાદી દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે ઘ્યાને લેવામાં આવે તો વાદી

ધ્વારા રેકર્ડ ઉપર એવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે એવું સુનિશ્ચિત થઈ શકે કે વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વીજ વપરાશનો ટ્રાન્જેકશન થાય તે વીજ વપરાશની રકમ પ્રતિવાદી ધ્વારા ભરવામાં ન આવે તો પ્રતિવાદીએ તેની ઉપર વિલંબીત ચાર્જ ભરવું પડે. આ સં જોગોમાં વાદી અને પ્રતિવાદી વચ્ચે વિલબીંત ચાર્જની રકમ ચુકવવા અંગેનો કોઈ કરાર રેકર્ડ ઉપર ન હોઈ વાદી માંગ્યા મુજબ વિલબીંત ચાર્જની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ લેવા હકકદાર થતા નથી. વધુમાં, હાલના દાવાના કામે વાદીએ લેજર એકાઉન્ટ રજુ કરેલ નથી પરંતુ આંક−૧૫ થી પ્રોફોર્મા રજુ કરેલ છે જેમાં વીજ બીલની બાકી રકમ છેલ્લે કુલ રૂા.૧૨,૫૯૨−૩૭ પૈસા દર્શાવેલ છે. આમ તેમાં વીજ બીલ તથા ડી.પી.સી. ની રકમ મેળવવા માટેની વાદીએ દાદ માં ગેલ છે. આ સંજોગોમાં આંક−૧૬ વાળી નોટીસ મુજબ ઉપર ચર્ચા કર્યા મુજબ વીજ બીલની બાકી રકમ રૂા.૧૯,૫૮૧−૩૮ પૈસા વસુલ મેળવવા વાદી હકકદાર હોવાનું જણાઈ આવે છે. જેથી મુદા નં.૧ નો નિર્ણય અંશત: હકારમાં આપવામાં આવે છે.

(૧૩) વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વહેવાર થયેલ છે અને પ્રતિવાદી કોમર્શીયલ ટ્રાન્જેકશનના આધારે લેણી રકમ થયેલ છે તે સંજોગોમાં સીવીલ પ્રોસીજર કોડની કલમ−૩૪ અને ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં વાદીને યોગ્ય ટકાના દરે વ્યાજ અપાવવું તે જરુરી છે. વિશેષમાં એ હકીકત પણ ધ્યાને લેવાની છે કે વાદી એ જાહેર હીતમાં કાર્ય કરતી કં પની છે, અને તેની રકમ જો આ રીતે વણચુકવાયેલ રકમની રીતે પડી રહે તો વાદી ઉપર ઘણો મોટો બોજો પડે તેમ છે. આ પ્રકારે વાદીને વ્યાજ મળી રહે તે પ્રજાકીય કામમાં અને પ્રજા ને વધુ સારી સુવિધા પુરી પાડવા માટે થઈ શકે, તેમજ આ પ્રકારે પ્રતિવાદી ધ્વારા સમયસર ચુકવણી ન કરવાને કારણે વાદીને વ્યાજનું પણ નુકસાન થયેલ છે કે જે અન્ય જગ્યાએ આ રકમને ઈન્વેસ્ટ કરી તેના ઉપર આવક મેળવી શકેલ હોત. તે હકીકતને ધ્યાને રાખી જો વાદી કં પનીને પ્રર્વતમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોના દર મુજબ વાર્ષિક ૬ % નાં સાદા વ્યાજના દરે આપવામાં આવે તો તે દરેક રીતે ન્યાયી ગણાશે. આથી વાદી કંપની સદરહુ મંજુર કરેલ રકમ ઉપર વાર્ષિક ૬ % વ્યાજના દર સાથે રકમ મેળવવા હકકદાર બને છે તેવું આ અદાલત માનવું છે. જેથી મુદા નં.૨ નો નિર્ણય અંશત: હકારમાં આપી મુદા નં.૩ અં ગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ રૂા.૧૯,૫૮૧–૩૮ પૈસા (અંકે રુપિયા ઓગણીસ હજાર પાંચસો એકયાસી અને આડત્રીસ પૈસા પુરા) વાદી કંપનીને દાવો દાખલ કર્યા તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ % (છ ટકા) ના સાદા વ્યાજના દરે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ : ૦૬ ઠ્ઠી, માહે મે, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૫/૨૦૨૫
ભુજ–કચ્છ

**(નિખીલ અગ્રવાલ)**
બીજા અધિક સિવીલ જજ
ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૭૩૦)